# વિશ્વ ગુજરાતી સમાજ

૧૦૨, ૧લા માળે, મણિપ્રભુ એપાર્ટમેન્ટ, નવરંગ સ્કૂલ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ગુજરાત, ભારત.
ફોન / ફેક્સ :- ૯૧-૭૯-૨૬૪૬૮૩૪૨, ૨૬૪૪ ૦૦૨૮, ઈ-મેઈલ: infovgsa@gmail.com | www.vishwagujaratisamaj.net

**કૃષ્ણકાંત વખારીઆ** પ્રમુખ | **શ્રી વિજય રૂપાણી,** મુખ્ય સંવર્ધક, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય | **હેમરાજ શાહ** વરિષ્ઠ ઉપપ્રમુખ


---

તા. ૧૮-૭-૨૦૧૯

સુજ્ઞશ્રી

વિશ્વ ગુજરાતી સમાજ સ્થાપિત **શ્રી કાનજીભાઇ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ (સન્માન)**ના વર્ષ ૨૦૧૯ સંભવિત નામોની પસંદગી માટે આપના સૂચનો પાઠવવા અંગે આ પરિપત્ર આપને પાઠવીએ છીએ.

વિશ્વ ગુજરાતી સમાજ દર વર્ષે સરદાર વલ્લભભાઇ પટેલના કર્મઠ સાથીદાર, સ્વાતંત્ર્ય સેનાની અને ગુજરાતના જાણીતા લોકસેવક સ્વ.શ્રી કાનજીભાઇ દેસાઇના નામ સાથે જોડાયેલા **શ્રી કાનજીભાઇ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ** યોગ્ય વ્યક્તિ કે સંસ્થાને અર્પણ કરે છે.

વિશ્વ ગુજરાતી સમાજે ઉપરોક્ત એવોર્ડની સ્થાપના સને ૨૦૦૨માં કરી હતી અને અત્યાર સુધીમાં નીચે દર્શાવેલા મહાનુભાવોને **શ્રી કાનજીભાઇ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ** અર્પણ કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી કીકુભાઇ નાયક | - ૨૦૦૨ | (૧૦) સેવા રૂરલ-ઝઘડિયા | - ૨૦૧૧ |
| (૨) સુશ્રી પૂર્ણિમાબેન પકવાસા | - ૨૦૦૩ | (૧૧) ડૉ. સુશિલાબેન શેઠ | - ૨૦૧૨ |
| (૩) શ્રી ગોરધનભાઇ પટેલ | - ૨૦૦૪ | (૧૨) ડૉ. ધીરૂભાઈ ઠાકર | - ૨૦૧૩ |
| (૪) શ્રી મણીભાઇ દોશી | - ૨૦૦૫ | (૧૩) શ્રી સનતભાઈ મહેતા | - ૨૦૧૪ |
| (૫) ડૉ. ઠાકોરભાઇ પટેલ | - ૨૦૦૬ | (૧૪) શ્રી કુમારપાળભાઈ દેસાઈ | - ૨૦૧૫ |
| (૬) સુશ્રી જયાબેન શાહ | - ૨૦૦૭ | (૧૫) ડૉ. સી.એલ. પટેલ | - ૨૦૧૬ |
| (૭) શ્રી કુન્દનલાલ ધોળકિયા | - ૨૦૦૮ | (૧૬) ડૉ. અશોક વૈદ્ય | - ૨૦૧૭ |
| (૮) ડૉ. એચ.એલ. ત્રિવેદી | - ૨૦૦૯ | (૧૭) શ્રી પી. હરીદાસ | - ૨૦૧૮ |
| (૯) ડૉ. કે.એમ. આચાર્ય | - ૨૦૧૦ | | |

**શ્રી કાનજીભાઇ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ**ની ધનરાશિ **રૂા.૧,૦૦,૦૦૦/-** (અંકે રૂપિયા એક લાખ પુરા) તેમજ **પ્રશસ્તિપત્ર** અને **સ્મૃતિચિન્હ** પસંદ પામેલા મહાનુભાવને અર્પણ કરવામાં આવે છે.

સ્વ.શ્રી કાનજીભાઇ દેસાઇ દેશભક્તિ, સમાજ સુધારણા, ખેતી સુધારણા, સહકારી પ્રવૃત્તિ માટે જાણીતા હતા. સ્વ.શ્રી કાનજીભાઇ દેસાઇ સ્વચ્છ જાહેરજીવનના આગ્રહી હતા. સ્વ.શ્રી કાનજીભાઇ દેસાઇ રાજકારણમાં વર્ષો સુધી સક્રિય હતા અને સ્વચ્છ રાજકીય પ્રતિભા ધરાવતા હતા.

સ્વ.શ્રી કાનજીભાઇ દેસાઇના નામ સાથે જોડાયેલા આ એવોર્ડની પસંદગીનો મુખ્ય માપદંડ તે કોઇપણ ગુજરાતી વ્યક્તિની દેશભક્તિ, સમાજ સુધારણા, ખેતી સુધારણા તેમજ સહકારી પ્રવૃત્તિ અને સ્વચ્છ જાહેરજીવનના વગેરેના ધોરણે પસંદગીનો છે.

આ અંગેના સૂચનો વિશ્વ ગુજરાતી સમાજના સભ્યો, વિશ્વભરના ગુજરાતી સમાજો, ગુજરાતની યુનિવર્સિટીઓ, ગુજરાતી સામાજિક, સાંસ્કૃતિક અને રચનાત્મક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ અને આગેવાન વ્યક્તિઓ વગેરે પાસેથી મંગાવવામાં આવે છે. ગુણદોષ આધારે પારદર્શક પસંદગી માટે વિશ્વ ગુજરાતી સમાજની સ્થાયીસમિતિ દ્વારા શોધ સમિતિ (સર્ચ કમિટિ)ની રચના કરવામાં આવે છે.

ઉપરોક્ત હકીકતને લક્ષમાં લઇને આપને ઉપરોક્ત એવોર્ડના ઉમેદવારની પસંદગી માટે કોઇપણ ગુજરાતી વ્યક્તિ અથવા સંસ્થાના નામ કે નામોના સૂચનો **તા. ૩૧-૮-૨૦૧૯** સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

આપના સૂચનો સાથે તે લાભાર્થીનું નામ અને તેના અંગેની જરૂરી વિગતો પણ મોકલવા વિનંતી છે.

કૃષ્ણકાંત વખારીઆ
**પ્રમુખ**
**વિશ્વ ગુજરાતી સમાજ**